## નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ૧૧ માસ કરાર આધારીત ભરતી માટેની જાહેરાત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત પાટણ જિલ્લામાં વિવિધ સંવર્ગની ખાલી રહેલ અને પ્રતિક્ષાયાદી સારૂ માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ૧૧ માસ માટે ભરતી કરવાની થાય છે. જે માટે ઉચ્છુક ઉમેદવારોએ અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન - ૧૦માં વેબસાઈટ https://arogyasathi.gujarat.gov.in પર રાત્રે ૧૧:૫૯ સુધીમાં ઓનલાઈન ભરવાની રહેશે. નિયત સમય બાદ કરેલ અરજીઓ માન્ય ગણાશે નહિ ભરતી પ્રકિયા મેરીટના આધારે કરવામાં આવશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જરૂરી ઓનલાઈન અપલોડ કરવાનાં ડોક્યુમેન્ટ (સ્વ-પ્રમાણિત) |
|---|---|---|---|
| ૧ | Medical Officer (NTEP) | મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી MBBS અથવા સમકક્ષ ડિગ્રી, ફરજિયાત રોટરી ઈન્ટર્નશિપ પૂર્ણ કરેલ હોવી જોઈએ. ડિપ્લોમા/ એમડી પબ્લિક હેલ્થ/ પીએસએમ/ કોમ્યુનિટી મેડિસિન/ સીએચએ/ ટ્યુબરક્યુલોસિસ અને છાતીના રોગોના નિષ્ણાંત., TB પ્રોગ્રામમાં એક વર્ષનો અનુભવ. બેઝીક કોમ્પ્યુટર કોર્ષ કરેલ હોવો જોઇએ. | - સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ,<br>- SSC માર્કશીટ<br>- HSC માર્કશીટ<br>- ડીગ્રીની છેલ્લા વર્ષની માર્કશીટ<br>- સંબંધિત ડીગ્રીનું પ્રમાણપત્ર<br>- પ્રયત્નનું (SSC/HSC /ડીગ્રી કોર્ષ) પ્રમાણપત્ર<br>- સંબંધિત ડીગ્રીનું માન્ય કાઉન્સિલનું પ્રમાણપત્ર<br>- Internship પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય ત્યાં)<br>- કોમ્પ્યુટર બેઝિક જાણકારીનું પ્રમાણપત્ર<br>- અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતુ હોય ત્યાં |
| ૨ | Ayush MO (3) | સરકાર માન્ય કોલેજ/યુનિવર્સીટીમાંથી BAMS/BHMS/BSAM સ્નાતક, ઉમેદવારનું માન્ય આયુર્વેદિક/હોમીયોપેથીક કાઉન્સેલીંગ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. વયમર્યાદા: ઉંમર મહત્તમ ૪૦ વર્ષ | |
| ૩ | Pharmacists – RBSK | માન્ય યુનિવર્સીટીમાંથી ફાર્મસીનો ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીનો કોર્ષ પાસ. ડિગ્રી ફાર્મસીનો કોર્ષ પાસ કરેલ ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે. ગુજરાત ફાર્મસી કાઉન્સીલનું માન્ય રજીસ્ટ્રેશન ફરજીયાત. ઉમેદવાર ગુજરાતી, હિન્દી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. બેઝીક કોમ્પ્યૂટર કોર્ષ કરેલ હોવો જોઇએ. વય મર્યાદા- ૪૦ વર્ષ | |
| ૪ | Taluka Finance Assistant (1) | કોમર્સ વિદ્યાશાખામાં સ્નાતક, સર્ટિફિકેટ ઇન કોમ્પ્યુટર એપ્લિકેશન્સ, કોમ્પ્યુટર સોફ્ટવેર (એકાઉન્ટીંગ સોફ્ટવેર, MS ઓફિસનું, જી.આઈ.એસ, આર.સી.એચ. સોફ્ટવેર વિગેરે) અને હાર્ડવેરનું જ્ઞાન, ઓફિસ મેનેજમેન્ટ અને ફાઈલીંગ સિસ્ટમમાં મૂળભૂત કુશળતા, ગુજરાતી અને અંગ્રેજીમાં સારી ટાઇપિંગ અને ડેટા એન્ટ્રી કુશળતા<br>વધુમાં ૨ થી ૩ વર્ષનો કામગીરીનો અનુભવ અને અગ્રેજી ભાષામાં કામગીરીનું પુરતુ જ્ઞાન | |
| ૫ | Cold Chain Technician (1) | SSC પરીક્ષા પાસ, સરકારી ઇન્ડસ્ટ્રીઅલ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ (ITI) માંથી રેફ્રીજરેશન અને એરકન્ડીશનીંગ કોર્ષ પાસ, કોમ્પ્યુટર બેઝીક કોર્ષ પાસ સ્પેશીઅલી MS ઓફિસ, રેફ્રીજરેશન અને એરકન્ડીશન મેઇનટેનન્સનો ૨ વર્ષનો અનુભવ<br>વયમર્યાદા: ઉંમર મહત્તમ ૪૦ વર્ષ | |
| ૬ | Community Health Officer (20) | CCCH પાસ કરેલ બોન્ડેડ ઉમેદવારોને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવી. ભારત સરકાર દ્વારા CCCH કોર્ષ B.Sc નર્સીંગ તથા પોસ્ટ બેઝીક B.Sc નર્સીંગના કોર્ષમાં જુલાઈ - ૨૦૨૦ થી સામેલ કરેલ હોઈ જુલાઈ - ૨૦૨૦ કે ત્યાર બાદ પાસ થયા હોય તેવા B.Sc નર્સીંગ પાસ થયેલ ઉમેદવારો<br>બોન્ડેડ ઉમેદવારોની પસંદગી થાય બાદ ખાલી રહેલ જગ્યા ઉપર જુલાઈ - ૨૦૨૦ કે ત્યાર બાદ પાસ થયા હોય તેવા B.Sc નર્સીંગ પાસ થયેલ ઉમેદવારોને નિમણુંક આપવી. | |

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૭ | Staff Nurse(07) | ઇન્ડીયન/ગુજરાત નર્સિંગ કાઉન્સીલ માન્ય બેઝીક બી.એસ.સી. (નર્સિંગ) અથવા ડીપ્લોમા ઇન જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જોઇએ. ઉમેદવાર ગુજરાતી/હિન્દી અથવા બંન્ને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. બેઝીક કોમ્પ્યૂટર કોર્ષ કરેલ હોવો જોઇએ. વયમર્યાદા:- ઉંમર મહત્તમ ૪૦ વર્ષ. | |
| ૮ | Female Health Worker – RBSK (08) | S.S.C અથવા S.S.C. સમકક્ષ પાસ કરેલ પરીક્ષાનું પ્રમાણપત્ર સરકાર માન્ય સ્ત્રી આરોગ્ય કાર્યકર બેઝીક ટ્રેનીંગ કોર્ષ કરેલ હોવો જોઇએ, અથવા સરકાર માન્ય સહાયક નર્સ (ANM) દાયણ કોર્ષ પાસ કરેલ હોવો જોઇએ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન ફરજિયાત કરેલ હોવું જોઇએ. સરકાર માન્ય સંસ્થામાંથી CCC પાસ અથવા કોમ્પ્યુટર બેઝીક કોર્ષ પાસ કરેલ હોવો જોઇએ. વય મર્યાદા- ૧૮ થી ૪૦ વર્ષ | |
| ૯ | Counsellor-DRTB | સામાજિક કાર્ય / સમાજશાસ્ત્ર / મનોવિજ્ઞાનમાં સ્નાતક (અથવા સમકક્ષ) ડિગ્રી/ પીજી ડિપ્લોમા, TB પ્રોગ્રામમાં અનુભવ અથવા કાઉન્સેલર તરીકે કામ કરેલ હોવું જોઇએ. બેઝીક કોમ્પ્યૂટર કોર્ષ કરેલ હોવો જોઇએ. | |

<u>શરતો : -</u>

૧) તમામ કાનૂની પ્રક્રિયાનું સ્થળ પાટણ શહેર રહેશે, ભરતી પ્રક્રિયા અંગે કોઈ પણ પ્રકારનો ફેરફારનો અંતિમ નિર્ણય નીચે સહી કરનારને અબાધિત રહેશે.

૨) ઓનલાઈન પોર્ટલ પર જરૂરી તમામ સાધનિક કાગળો નિમયોનુસાર અપલોડ કરવાના રહેશે. અધુરા અથવા અવાચ્ય Upload અરજી અમાન્ય કરવામાં આવશે.

3) સાદી ટપાલ/ કુરીયર/ રૂબરૂ થી/સ્પીડ પોસ્ટ/આર.પી.એ.ડીથી આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.

મિશન ડાયરેક્ટર (ડી.એચ.એસ) -વ-
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત - પાટણ

Scanned with CamScanner